

કાંકરેજમાં વાદળછાયું વાતાવરણ ક્યાંક અમી છાંટણાં તો ક્યાંક બફારા વચ્ચે લોકોએ દિવસ પસાર કર્યો. પરંતુ મેઘરાજા ક્યારે મહેર કરશે તેની રાહ જોતા ધરતી પુત્રો. (તસવીર : હેમુભા વાઘેલા)

# માણસા તાલુકા યુવક કોંગ્રેસ દ્વારા શાળા કોલેજો બંધ કરાવાઈ

માણસા, તા. ૭

રાજ્યભરમાંથી ગુમ થયેલા બાળકો અને હજીયે ગુમ થઈ રહેલા બાળકો બાબતે રાજ્ય સરકાર દ્વારા નિષ્ક્રિયતા અને પોલીસ તંત્રની બેદરકારી અને વાલીઓ સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે યુવક કોંગ્રેસ દ્વારા શાળા કોલેજો બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેને પગલે માણસામાં પણ યુથ કોંગ્રેસ દ્વારા શાળા કોલેજો બંધ કરાવાઈ હતી.

રાજ્યભરની વિવિધ વિસ્તારોમાંથી બાળકોના ગુમ થવાના વધી રહેલા કિસ્સામાં સરકારની નિષ્ક્રિયતા અને પોલીસની યોગ્ય કાર્યવાહીના બદલે અયોગ્ય વર્તનના વિરોધમાં યુથ કોંગ્રેસ દ્વારા શાળા કોલેજો બંધના કાર્યક્રમને પગલે માણસા તાલુકા યુથ કોંગ્રેસના માણસા વિધાનસભા મત વિસ્તારના પ્રમુખ અમિતભાઈ ચૌધરી, ઉપપ્રમુખ ભરત ઠાકોર અને મંત્રી અર્જુનસિંહ ઠાકોરના નેતૃતવમાં આજે સવારે ૮ વાગ્યે મોટી સંખ્યામાં યુવા કાર્યકરો ઉપસ્થિતિમાં શાળા કોલેજો બંધ કરવામાં આવી હતી. જ્યારે પોલીસ દ્વારા તેઓની અટકાયત કરી અને પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા. બાદમાં તેઓને છોડી મુકવામાં આવ્યા હતા.



આકોલી ગામે એક ખેડૂતના ખેતરમાં ટીંટોડીએ પોતાના ઈંડા સેવીને બચ્ચા બનાવેલા દૃશ્ય માન થાય છે. કહેવત છે કે ટીંટોડી ઈંડા મૂકે તો વરસાને આવવું જ પડે છે. પરંતુ આ વાતને સાચી કે ખોટી તે કુદરત જ નક્કી કરી શકે છે. (તસવીર : હેમુભા વાઘેલા)

## બનાસકાંઠા જિલ્લાની ૨૨૯૭ સરકારી પ્રાથમિક શાળાઓ સવારની કરાઈ

પાલનપુર, તા. ૭

બનાસકાંઠા જિલ્લામાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓને વરસાદ ખેંચાતા અને વાતાવરણમાં ભારે ઉકળાટ રહેવાના કારણે પ્રાથમિક શિક્ષણ તંત્રએ તમામ સરકારી પ્રાથમિક શાળાનો સમય સવારનો કરી દીધો છે.

જિલ્લામાં વરસાદ રૂઠતા વરસાદ ખેંચાતા વાતાવરણમાં ભારે ઉકળાટ થવા પામ્યો છે. જેના કારણે બાળકો અને વડીલો સર્વે ત્રાહિમામ પોકારી ગયા છે. પરિણામે જિલ્લાની ૨૨૯૭ સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ગરમીથી રાહત આપવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી. જે. પટેલે ગત શુક્રવારથી શાળાઓને સવારની કરી નાખવાનો નિર્ણય લીધો છે. પ્રાથણિક શાળાઓને વહેલી કરવાના નિર્ણયને વાલીઓ તથા શિક્ષકોએ પણ આવકાર્યો છે.



**પાલનપુરમાં શાળા-કોલેજ બંધ કરાવા જતા ૨૦ કોંગ્રેસીઓની અટકાયત**

ગુજરાત રાજયમાં ૧૬ હજારથી વધારે બાળકો ગુમ થયા છે. તેમની ભાળ મેળવવામાં રાજય સરકાર દ્વારા કોઈ નક્કર પગલા લેવાયા નથી જેના પગલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસની સૂચનાથી પાલનપુર યુથ કોંગ્રેસ અને એન.એસ.યુ.આઈ.ના કાર્યકરોએ શહેરની શાળા કોલેજો બંધ કરાવવા જતા યુથ કોંગ્રેસના પ્રમુખ ભલીત ગઢવી, કરણસિંહ ચૌહાણ અને ઈલીયાસ ચૌહાણ સહિત ૨૦ જેટલા કોંગ્રેસી કાર્યકરોની પાલનપુર પશ્ચિમ વિભાગ પોલીસે અટકાયત કરી હતી અને બાદમાં છોડી મૂકયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ચંડીસર પાસે પોલીસ પેટ્રોલિંગ દરમિયાન ૬૮ શંકાસ્પદ વરિયાળીની બોરીઓ ઝડપાઈ

પાલનપુર, તા.૭

પાલનપુર-ડીસા હાઈ-વે પર ચંડીસર ચોકડી પાસે ગત રોજ રાત્રે વાહન ચેકિંગ દરમિયાન બનાસકાંઠા એસ.ઓ.જી. ટીમે શંકાસ્પદ વરિયાળી ભરેલી એક ટ્રક સાથે ઊંઝાના ઈસમને ઝડપી પાડયો હતો અને વધુ પુછપરછ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોક યાદવની સૂચનાથી જિલ્લાભરમાં સઘન પેટ્રોલીંગ અને વાહન ચેકિંગ ચાલી રહ્યું છે ત્યારે ચંડીસર પાસે ડીસા તરફથી પૂરઝડપે આવી રહેલ એક આઈશર ટ્રક નં. જીજે ૧૮ એક્ષ ૯૮૫૮ને રોકાવી તલાશી લેતા તેમાંથી વરિયાળી ભરેલ ૬૮ બોરીઓ બીલ કાગળો વગરની હતી અને એક બાજુ માત્ર કમળનું ચિત્ર દોર્યું હતું. પોલીસે પૂછપરછ કરતા ટ્રકના ચાલક કનુજી પીઠાજી ઠાકોરે (રહે. સુરપુરા તા. ઊંઝા) ચંડીસર જી.આઈ.ડી.સી.થી આ માલભરી ઊંઝાના રમેશભાઈ પટેલને પહોંચાડવાનું જણાવ્યું હતું. આથી પોલીસે આ જથ્થો પેઢી કે માલિકના નામ વગરનો હોવાથી વળી હલકી ગુણવત્તા અને ભેળસેળ યુકત જણાતા કુલ ૬૮ બોરી કિંમત રૂ. ૧,૮૭,૦૦૦ તથા ટ્રક કિંમત રૂ. ૩ લાખ મળી ૪.૫ લાખથી વધુનો મુદામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુરમાં પત્નીની મશ્કરી કરનારને ઠપકો આપતા પતિ અને ભાઈઓ પર ગંભીર હૂમલો

## બે વ્યક્તિની હાલત ગંભીર જણાતાં અમદાવાદ રીફર કરાવાયા

પાલનપુર, તા. ૭

પાલનપુર શહેરમાં જિલ્લાના પોલીસવડા કડકાઈ દાખવીને પોલીસમથકોના વિભાજન કરીને કાયદો વ્યવસ્થા જળવાય તે માટેના પ્રયત્નો હાથ ધરાવાય છે. શહેરમાં પેટ્રોલીંગ પણ વધુ સઘન બનાવાઈ હોવા છતાં પણ ગુનાખોરીમાં મારામારીના કેસોનો વધારો થતો જાય છે. ગતરોજ રેલવે બ્રીજ નીચેથી પસાર થતાં દંપતીમાં પત્નીની મશ્કરી કરતાં ઠપકો આપવા ગયેલા પતી તથા તેમના ભાઈઓ ઉપર ચાર વ્યક્તિઓ દ્વારા હુમલો કરાતાં શહેર પોલીસમથકે ફરિયાદ નોંધાઈ છે.

પાલનપુરના અંબીકાનગર ખાતે રહેતા કુલદીપસિંહ ઝાલા અને તેમની પત્ની સોનલબેન પોતાની સાસરી સિન્ધીકોલોની ખાતે જવા રેલવે ઓવર બ્રિજ નીચેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે તે સમયે વિપુલકુમાર દલુભાઈ ચૌધરી સહિત અન્ય ત્રણ વ્યક્તિઓ દ્વારા તેમની પત્ની સોનલબેનનો હાથ પકડવાની કોશીષ કરી મશ્કરી કરતાં પતી કુલદીપસિંહે યુવકોને આ બાબતે ઠપકો આપતાં મામલો બીચક્યો હતો. જેમાં કુલદીપના સંબંધી ત્રણ જણા આવી પહોંતા બન્ને જુથ વચ્ચે આમને સામને ધીંગાણું સર્જાતા કુલદીપસિંહને માથાના ભાગે ગંભીર ઈજા થવા પામી હતી.જ્યારે તેમની સાથે આવેલા અનીલ નગીનભાઈ ઠાકોર, નરેશ છગનજી ઠાકોર તેમજ મનોજ હરીજી ઠાકોરને પણ ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં સામેનો એક યુવક ત્યાંથી ભાગી છુટ્યો હતો.રેલવે પોલીસ પાસે પહોંચતાં તેને પકડી લીધો હતો. અને શહેર પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે બનાવના મામલે કુલદિપસિંહ ઝાલાની ફરિયાદના આધારે ઉપરોક્ત યુવક વિપુલ ચૌધરી (જુડાલ) રહે. બાદરપૂરા તથા અમરતભાઈ મુળજીભાઈ રામઠા સહિત ચાર ઈસમો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વિપુલ ચૌધરીની ધરપકડ કરતાં તે આર્મીમાં જમ્મુ ખાતે ફરજ બજાવતા હોવાનું અને બજારમાં ખરીદી માટે આવ્યો હતો. અને હુમલો કરીને ચાર વ્યક્તિ ભાગી છુટ્યા હતા. અને જેમાં તેની સોનાની ચેન પાકીટ વગેરે પડી ગયા હોવાની ફરિયાદ તેણે પણ નોંધાવી છે. આમ શહેરમાં મારામારીના કેસોનો વધારો થતાં ચિંતાનો વિષય પોલીસ માટે બનવા પામ્યો છે.

## હિંમતનગરમાં આંખ અને દાંતનો નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

હિંમતનગર, તા.૭

હિંમતનગર તાલુકાના નવા ગામે લિયો કલબ ઓફ હિંમતનગર ડિવાઈન દ્વારા આંખ અને દાંતના નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦ જેટલા આંખ અને ૭૭ જેટલા દાંતના દર્દીઓની તપાસ કરવામાં આવી હતી.

હિંમતનગર ખાતે આયોજીત આ નિઃશુલ્ક નિદાન કેમ્પમાં હિંમતનગર આશય આંખની હોસ્પિટલના આંખના નિષ્ણાંત તબીબ ડૉ. મેહુલ પટેલ તથા ઓમ ડેન્ટલ હોસ્પિટલ, હિંમતનગરના ડેન્ટલ ડૉ. શૈલેષ મેનાત ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ૫૭૭ જેટલા આંખ અને દાંતના દર્દીઓની તપાસ કરી તેમને જરુરી માર્ગદર્શન આપ્યુંહતું. આ પ્રસંગે સરપંચ અરવિંદભાઈ પટેલ, હિંમતનગર લાયોનેસ કલબના પ્રમુખ કલારા ડિસોઝા, લિયો કલબના ગોપાલસિંહ રાઠોડ, રાજુ કોટક, રાકેશ પટેલ, ઉત્સવ પ્રજાપતિ, કિશોર રૂપારે સહિત મોટી સંખ્યામાં લિયો અને લાયન્સ કલબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# હિંમતનગરમાં વ્યાજબી ભાવની દુકાન ચલાવતા સંચાલક ગૂમ

હિંમતનગર, તા.૭

હિંમતનગર શહેરના બસ સ્ટેન્ડ માર્ગ પર આવેલ સર્વોદય માર્કેટમાં ચાલતી વ્યાજબી ભાવની દુકાનના સંચાલક ગુમ થતા પરિવારજનોએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ આપતા પોલીસે ગુમ સંચાલકની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હિંમતનગર શહેરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ સર્વોદય માર્કેટમાં ૧૪ નંબરની દુકાનમાં ભાગીદારીમાં વ્યાજબી ભાવની દુકાન કારવાડ ગામના દયારામ સાધુ અને નવીનચંદ્ર પટેલ ચલાવે છે. દરમિયાન ગત ૫મી જુલાઈના રોજ સાંજે ૬.૩૦ કલાકે દયારામ સાધુ દુકાન બંધ કરી પોતાના ભાગીદાર નવીનભાઈ પટેલને ચાવી આપી કંઈ પણ કહ્યા વગર ચાલ્યા ગયા છે.

જે મોડી રાત સુધી પોતાના ઘરે પરત ન ફરતા પરિવારજનોએ ભારે શોધખોળ હાથ ધરી હતી પરંતુ કોઈ પત્તો ન લાગતા આખરે પરિવારજનોએ હિંમતનગર પોલીસ મથકમાં જાણવા જોગ ફરિયાદ આપી હતી આથી પોલીસે પરિવારના વર્ણનના આધારે દયારામ સાધુની શોધખોળ હાથ ધરી છે.


**ટ્યૂકડી જાહેર ખબર**

**અઠળક નાણાં કમાઓ**

વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ

મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

(અમૂલ્ય તક ૧૦૦%)

**વેચવાનો છે**

એમ-૩૭/૪૩૩, સત્યમ એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૪, ગાંધીનગર.

સંપર્ક : ૨૬૬૦૪૩૨૯

૨૬૫૮૬૩૯૪

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

**મોર્ડન મોટર્સ**

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન



**ગુજરાત મેરીટાઈમ બોર્ડ**

**જાહેર નિવિદા નં. ૦૨/૨૦૧૨-૧૩**

ગુજરાત મેરીટાઈમ બોર્ડ વડી કચેરીના વહીવટી સંકુલમાં અધિકારીઓ / કર્મચારીઓ માટે વર્ષ-૨૦૧૨ માટે કેન્ટીન ચલાવવાના સીલબંધ ભાવપત્રક માંગવામાં આવે છે. ભરેલ ભાવપત્રક નાયબ કાર્યપાલક ઈજનેર (બાં), મરામત્ત અને જાળવણી પેટા વિભાગ, ગુજરાતી મેરીટાઈમ બોર્ડ, પાંચમા માળ, એરફોર્સ સામે, સેક્ટર-૧૦એ, ગાંધીનગર (ફોન નં. ૨૩૨૩૮૩૪૬, ૪૭, ૪૮)ની કચેરીના સરનામે મોકલવાના રહેશે.

| અ. નં. | કામનું નામ | (૧) ટેન્ડર ફી (૨) અનુભવ (૩) ઈએમડી |
|---|---|---|
| ૧. | ગાંધીનગર સ્થિત ગુજરાત મેરીટાઈમ બોર્ડની વડી કચેરી ખાતે કેન્ટીન ચલાવવા માટેના ભાવપત્રકો મંગાવવા અંગે (ત્રીજો પ્રયત્ન) | (૧) રૂ. ૬૦૦.૦૦ (૨) ૧ વર્ષ ઓછામાં ઓછો (૩) રૂ. ૫૦૦૦.૦૦ |

- કોરા ટેન્ડર પેપર આપવાની છેલ્લી તારીખ : ૧૬/૭/૨૦૧૨
- ભરેલ ટેન્ડર ફક્ત રજિ. પોસ્ટ / સ્પીડ પોસ્ટથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : ૨૪/૭/૨૦૧૨ ઓફીસ સમય સુધી. વધુ વિગતો તથા શરતો માટે ઉપરોક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.
- ભાવપત્રક શક્ય હશે તો બીજા દિવસે ૧૨.૦૦ કલાકે ખોલવામાં આવશે.
- ભાવપત્રક મંજુર/નામંજુર કરવા બોર્ડ અબાધિત હક્ક ધરાવે છે.

માહિતી/૭૯૪/૧૨-૧૩



**ગુજરાત સરકાર**

**નિયામક ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ ઓથોરીટી, ગાંધીનગર.**

(૧) **વહીવટી અધિકારીની -૧ જગ્યા** - રૂ. ૧૫,૦૦૦/- ઉમેદવાર ગ્રેજ્યુએટ, અંગ્રેજી - ગુજરાત ભાષાનું તેમજ કોમ્પ્યુટરનું જ્ઞાન, સરકારી નિયમોના તેમજ કાયદાના નિયમોના જાણકાર હોવા જોઈએ. સરકારી - અર્ધ સરકારી / અન્ય પ્રતિષ્ઠિત ખાનગી ક્ષેત્રમાં વહીવટી બાબતનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.

(૨) **અંગત સચિવની - ૧ જગ્યા** - રૂ. ૬,૦૦૦/- ઉમેદવાર ગ્રેજ્યુએટ, અંગ્રેજી - ગુજરાતી ભાષાનું તેમજ કોમ્પ્યુટરનું જ્ઞાન, સરકારી નિયમોના તેમજ કાયદાના નિયમોના જાણકાર હોવા જોઈએ. સરકારી - અર્ધસરકારી / અન્ય પ્રતિષ્ઠિત ખાનગી ક્ષેત્રમાં અંગત સચિત તરીકે પાંચ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.

ઉમેદવારોની ઉંમર ૧૮ થી ૩૫ વર્ષની હોવી જોઈએ, ઉમેદવારે જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી સંપૂર્ણ બાયોડેટા સાથે દિન-૧૦માં નિયામકશ્રી, ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ ઓથોરીટી, ૫/૧, જીવરાજ મહેતા ભવન (તબીબી વિભાગ) ગાંધીનગરને અરજી મોકલી આપવાની રહેશે. કરાર આધારિત ફીક્સ પગારથી ૧૧ માસ માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

સહી/-
નિયામક
ઈમરજન્સી મેડીકલ સર્વિસીસ ઓથોરીટી, ગાંધીનગર

માહિતી/૭૮૪/૧૨-૧૩


**પ્રાથમિક જાહેરનામું**

**જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)**

| ક્રમ | જીલ્લો | તાલુકો | ગામ | કેસનંબર |
|---|---|---|---|---|
| ૧ | પાટણ | સમી | બાસ્પા | ૭૦/૨૦૧૨ |
| ૨ | પાટણ | સમી | ચાંદરણી | ૭૧/૨૦૧૨ |

| ક્રમ | ક્રમાંક કેસ નંબર | | મંજુર કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ખજસ/કલમ-૪/એ-૧ | ૭૦/૧૨ | ૩૦/૬/૨૦૧૨ |
| ૨ | ખજસ/કલમ-૪/એ-૧ | ૭૧/૧૨ | ૩૦/૬/૨૦૧૨ |

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) પાટણ-૧ને જમીન સંપાદન ધારાની કલમ-૫૨(એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જાડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ હસ્તકની નર્મદા યોજનાની (૧) રાફુ સબ બ્રાન્ચ કેનાલ, કનીજ માઈનોર-ઉના (૨) અમરાપુરા બ્રાન્ચ કેનાલ, બાબરી માઈનોરના બાંધકામના કારણોસર જાહેર હેતુ માટે જરૂરી પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લા)ની કલમ-૪ની જોગવાઈઓ હેઠળ આથી જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

૨. સદરહુ જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયર કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) એકમ-૧, પાટણની મંજુરી વિના વેચાણ પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારકા અથવા અન્યથા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા તેમાં ખર્ચ કરવા માટેનો અથવા સુધારા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતાં અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

૩. ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત હેતુઓ માટે જરૂરી છે. તો સદરહુ અધિનિયમની કલમ-૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતું કર્યું હોય તો તે હકિકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪. તા. ૨૬/૮/૨૦૧૨ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક - ધમ / ૧૦ / ૫૭ / મ / અધિકા / ૫રચ / ૨૦૧૦ / ૮૩૨ / લ-૧. સાથે વાંચતા જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) હેઠળ સરકારશ્રીએ સદરહુ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ-૫ (ક) હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) એકમ-૧, દેવદર્શન કોમ્પલેક્ષ બીજો માળ, પાલિકા બજાર સામે, કૉલેજ રોડ, પાટણને નીમેલ છે.

**અનુસુચિ-૧**

જિલ્લો : પાટણ તાલુકો : સમી ગામ : બાસ્પા કેસ નંબર : ૭૦/૨૦૧૨

જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી., હસ્તક નર્મદા યોજનાની રાફુ સબ બ્રાન્ચ કેનાલ, કનીજ માઈનોર-ઉના બાંધકામ માટે.

| સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. |
|---|---|---|---|
| 257 P | 0.1652 | 257 P | 0.5887 |
| 257 P | 0.5887 | Total | 0.7539 |

**અનુસુચિ-૨**

જિલ્લો : પાટણ તાલુકો : સમી ગામ : બાસ્પા કેસ નંબર : ૭૦/૨૦૧૨

જાહેર હેતુ : સરદાર સરોવર નર્મદા નિગમ લી., હસ્તક નર્મદા યોજનાની રાફુ સબ બ્રાન્ચ કેનાલ, કનીજ માઈનોર-ઉના બાંધકામ માટે.

| સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | સર્વે નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ હે.આર.ચો.મી. |
|---|---|---|---|
| 14/4 | 0.2999 | 74/1 P | 0.0837 |
| 74/1 P | 0.2286 | 74/1 P | 0.1496 |
| | | Total | 0.7618 |

સહી/-
(પી. આર. જોષી)
નાયબ કલેક્ટર અને
ખાસ જમીન સંપાદન અધિકારી
(નર્મદા યોજના) એકમ-૧, પાટણ

નામાનિ/પાટણ/૨૧૯/૨૦૧૨-૧૩


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

**Nirmala Tyres**

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વૉલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



**આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...**

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧